# જતન કરવા માટે આશીર્વાદ

## ~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ

‘મંદિરમાં રહો’ સત્સંગ

શનિવાર, ૪ જુલાઈ ૨૦૨૦

શુભ ગુરુપૂર્ણિમા સમર્પિત છે,
ગુરુ-શિષ્ય સંબંધનું સન્માન કરવા માટે,
જેમાં ગુરુ નિર્દેશ આપે છે અને શિષ્ય શીખે છે,
ગુરુ માર્ગ બતાવે છે અને શિષ્ય અનુસરણ કરે છે,
ગુરુ શક્તિપાત પ્રદાન કરે છે અને શિષ્યનું રૂપાંતરણ થઈ જાય છે,
ગુરુ બોલે છે અને શિષ્ય સાંભળે છે,
ગુરુ આજ્ઞા આપે છે, પરમ સત્ય સાથે એક થઈ જવાની
અને શિષ્ય આ અલૌકિક સ્થિતિને પ્રાપ્ત કરવા માટે દરેક સંભવિત પ્રયત્ન કરે છે.

શિષ્યોને હંમેશાં એ સ્પષ્ટ નથી હોતું
કે તેઓ શા માટે ખોજ કરે છે,
તેઓ શા માટે ગુરુને શોધવાની આકાંક્ષા રાખે છે,
તેઓ શા માટે એક આધ્યાત્મિક માર્ગનું અનુસરણ કરે છે,
તેઓ શા માટે અને કેવી રીતે સંયોગવશ એક મહાન આત્માને મળે છે.
પણ એક વાત સ્પષ્ટ છે :
તેમની ખોજ એ સાબિત કરે છે કે તેમના હૃદયના ઊંડાણમાં
તેઓ ભગવાનને જાણવાની,
ભગવાનને પામવાની,
તેનામાં વિલીન થઈ જવાની મહત્ત્વાકાંક્ષાને ધારણ કરી રાખે છે
જે સર્વાધિક દિવ્ય છે અને એ બધાંથી પરે છે જે જીવનની
ચૈતન્ય શક્તિનું દમન કરે છે.

આ બ્રહ્માંડમાં દરેક પ્રાણી અને દરેક વસ્તુ પર
ગ્રહ અને નક્ષત્રોનો
તેમનો પોતાનો ગુરુત્વાકર્ષી પ્રભાવ હોઈ શકે.
સંસ્કૃત અને હિન્દી ભાષામાં
આ પ્રભાવને 'ગુરુત્વાકર્ષણ' કહે છે.

શું આમાં કોઈ આશ્ચર્યની વાત છે કે આ એક શબ્દમાં,
આ બે શબ્દ નિહિત છે —
'ગુરુ' અને 'આકર્ષણ?'
ગુરુનો અર્થ છે 'મહાન' અને આકર્ષણનો અર્થ છે 'ખેંચાણ.'
ગુરુત્વાકર્ષણના ખેંચાણ દ્વારા,
ખગોળીય ગ્રહ-નક્ષત્ર ઉપર આકાશમાં નિલંબિત રહે છે!
એ જ રીતે, આધ્યાત્મિક માર્ગ પર ગુરુ-શિષ્ય સંબંધમાં
એક ચુંબકીય સંતુલન હોય છે.
આ એક એવું સંતુલન છે જેને સાધનાની શક્તિ દ્વારા ઘડવામાં આવે છે.

સાધના એક શિષ્યના જીવનની વિશ્વસનીય પૃષ્ઠભૂમિ છે
અને સર્વાધિક સાચી અગ્રભૂમિ છે.
સાધના શિષ્યની નિષ્ઠાવાન સાથી છે.
તે જ શિષ્યને સુરક્ષિત રાખે છે અને તેને ડૂબવાથી બચાવે છે,
ભલે સૂર્ય અને ચંદ્રમાનો તેજસ્વી પ્રકાશ વરસી રહ્યો હોય
કે આ આકાશીય પિંડો પર ગ્રહણ લાગ્યું હોય.
ગુરુનો પ્રકાશ સદા-સર્વદા ઝગમગતો રહે છે.

જ્યારથી આ પૃથ્વી ગ્રહ પ્રગટ થયો છે,
એક જ નહીં અનેક રૂપે,
અગણિત મુસીબતોનો પિટારો ખુલતો રહ્યો છે.
આ વિષય પર અનેક વાર્તાઓ લખવામાં આવી છે,
અનેક મહાકાવ્યોની રચના થઈ છે.
આ જ કારણે, શ્રીગુરુનો મૃદુલ હાથ,
જે શિષ્યોને આ દલદલથી બહાર નીકળવાનો રસ્તો બતાવે છે,
જટિલ ભવસાગરમાં
હંમેશ માટે તેમની જીવનરેખા બની રહેશે.

આયુર્વેદમાં રોગ માટે અસરકારક ઔષધિઓ છે.
પરંતુ માત્ર શ્રીગુરુની કૃપા જ શિષ્યોને ભવરોગથી બચાવી શકે છે.
ભવરોગ એક એવો વિષય છે જેનું સંશોધન જીવનભર કરવામાં આવે છે,
અને જેના પર શ્રીગુરુની કરુણાથી જ વિજય પ્રાપ્ત કરી શકાય છે.

શ્રીગુરુની શિખામણ શિષ્યોને દિશા બતાવે છે જેથી
તેઓ ચંદ્રમાની વિભિન્ન કળાઓથી પરે જાય,
ચંદ્રમાની પરિવર્તનશીલ પ્રવૃત્તિથી ઉપર ઊઠે,
અને બધાં બાહ્ય તત્ત્વોને તિલાંજલિ આપીને
તેમજ શ્વાસની શક્તિનો ઉપયોગ કરીને, પોતાના ભટકતા મનને
જે મહત્ત્વપૂર્ણ છે તેના સાર સુધી લઈ જઈને,
પોતાના અવધાનને વિષયના મૂળ પર કેન્દ્રિત કરે.
ભલે સૂર્ય તેજસ્વિતાથી ચમકી રહ્યો હોય
કે તોફાન પ્રચંડતાથી ઉમડી રહ્યું હોય,
શ્રીગુરુની શિખામણ શિષ્યોની સાધનાને આધાર આપે છે.

શ્રીગુરુનું પ્રજ્ઞાન શિષ્યોની સમક્ષ એ સ્પષ્ટ કરે છે
કે તેઓ માયા-જગતને સપનું સમજીને નહીં ભૂલી શકે,
ઇચ્છા માત્રથી તેઓ પોતાના જીવનની પીડા અને કષ્ટોથી છુટકારો નહીં મેળવી શકે,
વિચારવા માત્રથી તેઓ પોતાના મનના અંધકારને દૂર નહીં કરી શકે,
અથવા તેઓ રણનીતિઓની રચના કરીને
પોતાની ક્ષુદ્રતાને દૂર કરીને તેની જગ્યાએ પોતાની મહાનતાને નહીં બેસાડી શકે.
પોતાના દરેક શ્વાસ,
દરેક કદમની સાથે,
દરેક ક્ષણે,
નિરંતર પ્રયત્ન કરતા રહેવું
સર્વોપરી છે.

શિષ્યો પ્રતિ ગુરુનો ચિરસ્થાયી પ્રેમ
તેમને મુક્ત કરી દે છે,
જે ગુમાવ્યું છે તેની સાથે જોડાયેલી અસાંત્વનીય ભાવનાઓથી,
લૌકિક સુખોની તૃષ્ણા
અને અલૌકિક પ્રાપ્તિઓની ઇચ્છાની વચ્ચે ફસાઈ રહેવાની મૂંઝવણથી,

બીજાંની ઉપલબ્ધિઓને મલિન કરવાની નિરંકુશ ઇચ્છાથી,
અને સ્વયં પોતાની સારપનો વિનાશ કરવાથી.
ગુરુનો પ્રેમ જીવન જીવવાની તેમની રીતોમાં સુધારો કરે છે
જેથી વિજય પ્રાપ્ત થાય — બૂરાઈ પર ભલાઈનો વિજય.

ગુરુ-શિષ્ય સંબંધની શક્તિ એવી હોય છે
કે શિષ્યોના સક્રિય મનને ખબર પણ નથી પડતી
અને તેમનું હૃદય, જેને શાંતિ પ્રાપ્ત થઈ ગઈ છે,
એક પાવન મંદિરને શોધી લે છે
જેમાં અનાહત નાદ સાંભળી શકાય છે.
તે તેમના હૃદય અને સત્તાના ગર્ભગૃહમાં તરંગિત થતો,
તેમની વ્યાકુળતા અને જન્મ-જન્માંતરની બેચેનીને શાંત કરે છે.

એ શ્રીગુરુની જય-જયકાર જે કૃપાની વર્ષા કરે છે, જ્યારે સંસારમાં શાંતિ હોય છે
અને જ્યારે તે ઊલટસૂલટ હોય છે,
જ્યારે સંસારવાસી હર્ષાતિરેકમાં જીવી રહ્યાં હોય છે
અને જ્યારે તેઓ વિષાદના ગર્તમાં ડૂબેલાં હોય છે.

આજે 'ગુરુ ૐ' મંત્રનો જપ કરતા કરતા
તમને શુભ ગુરુપૂર્ણિમાના અમૃતમય આનંદની અનુભૂતિ થાય.

તમે એ જાણો કે અભ્યાસો પ્રત્યે તમારો અચલ પ્રેમ
તમારા મનનું, હૃદયનું અને આત્માનું ઉત્થાન કરશે.

આનંદ હોય કે આપત્તિ, બંનેની સામે તમે હંમેશાં અવિચલિત રહો.

આજે અને દરરોજ તમારા જીવનની નવી શરૂઆત કરવા માટે
તમે પ્રભુ પ્રેમને તમારા દરેક શ્વાસમાં ભરી લો.

તમે તમારી સાધનામાં આગળ વધવા માટે કૃતસંકલ્પ રહો,
તમે તમારી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ઊર્જાઓને સુદૃઢ કરો,
અભ્યાસો પ્રત્યે તમારી વચનબદ્ધતામાં અચળ રહો,

અને તમારા મહાન આત્મા માટે તમે
જે પણ લક્ષ્યની કલ્પના કરી છે, તેના પર્વત-શિખર
સુધી પહોંચવાની તમારી ઇચ્છામાં અટલ રહો.

બધું સારું છે.
તોપણ, તમે આ બધાંને *મહાન* બનાવી શકો છો,
એ દરેક સંકલ્પથી જેને તમે નિર્ધારિત કરો છો,
એ દરેક શબ્દથી જેને તમે બોલો છો,
એ દરેક કર્મથી જેને તમે કરો છો.

*પ્રભુનું યશગાન કરો,* આપણે એ શીખ્યા છે.
*ગુરુનો મહિમા ગાઓ,* આપણને એ શીખવવામાં આવ્યું છે.
*ભગવાન મહાન છે,* આપણે એ સાંભળ્યું છે.
*ગુરુ પ્રકાશ છે,* આપણે એ જોવા-સમજવા લાગ્યાં છીએ.
પરંતુ આ બધાંનો શું અર્થ છે જો લોકો અજ્ઞાનતાવશ એ કરતાં રહે

જેનાથી માનવતા અને આ પૃથ્વી ગ્રહ પર જે પણ છે તેના પ્રત્યે
અનાદર અને તિરસ્કારની છૂટ મળી જાય?

તેથી, હું તમારી સમક્ષ એ વાત મૂકવા માગું છું :
તમારા વિચારો અને કર્મોને એ સ્તર સુધી ઊંચા ઉઠાવો
કે તમે પોતાના પ્રત્યે અત્યંત ગર્વ મહસૂસ કરી શકો.
જ્યારે શ્રીગુરુની કૃપા તમારા પર વરસે છે,
તમારી સત્તા ઝગમગતા દિવ્ય પ્રકાશથી આલોકિત થઈ ઊઠે છે.
તમારી નિષ્કલંક સત્તામાંથી માત્ર પ્રકાશ જ પ્રસરિત થાય છે.

ધ્યાનં સત્યં પૂજાસત્યં સત્યં દેવો નિરંજનઃ ।
ગુરોર્વાક્યં સદા સત્યં સત્યં દેવ ઉમાપતિઃ ।।

ધ્યાન સત્ય છે,
પૂજા સત્ય છે,
નિરંજન પરમાત્મા સત્ય છે.
ગુરુના શબ્દો સદા સત્ય છે
અને ઉમાપતિ શિવ સત્ય છે.

ગુરુપૂર્ણિમાના શુભ પર્વ પર

શિષ્યો દ્વારા કરવામાં આવેલી શ્રીગુરુપૂજા

શિષ્યોના જીવનમાં

કલ્યાણકારી દશ્ય, વિચાર, શબ્દ અને કર્મ લઈને આવે.

ગુરુપ્રસન્નતા રહે —

શ્રીગુરુ પ્રસન્ન થાય.

ધ્યાનમૂલં ગુરોર્મૂર્તિઃ પૂજામૂલં ગુરોઃ પદમ્ ।
મન્ત્રમૂલં ગુરોર્વાક્યં મોક્ષમૂલં ગુરોઃ કૃપા ।।

ધ્યાનનું મૂળ ગુરુનું રૂપ છે.
પૂજાનું મૂળ ગુરુના ચરણ છે.
મંત્રનું મૂળ ગુરુનો શબ્દ છે.
મોક્ષનું મૂળ ગુરુની કૃપા છે.

તસ્મૈ શ્રી ગુરવે નમઃ ।

હું શ્રીગુરુને નમન કરું છું.

© ૨૦૨૦ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.